# કેટલું જાઈઝ અને કેટલું નાજાઈઝ

હર અમલ અને ફેઅલ કરવાનો એક મખ્સૂસ વકત, એના વાસ્તે મુનાસિબ માહૌલ અને ખુશગવાર ફિઝા હોય છે. **અલ્લાહતઆલાએ ફરઝ, સુન્નત,નાફેલત અને તતવ્વાઅને અદા કરવા વાસ્તે દિનમાં, મહીનામાં અને વરસમાં એના મીકાત યાઅની કે મુકર્રરશુદા જાઇઝ વકત તરતીબ આપેલા છે.** જો એમાં આગલ થાય યા પાછલ થાય તો એની એહમીયત ઝાઈલ થાય છે યા કમ થઈ જાય છે. બીજા આઅમાલે ખૈર જે ઈન્સાની અદબ અને અખ્લાકને માતહત હોય છે; તેમાંથી ચંદ ઈમાન અને અકીદાના રૂએ સહીહ હોય છે; ચંદ રસ્મો રિવાજના તરીકા પર કરવામાં આવે છે અને કેટલાક હુસ્ને સુલૂક અને મુદારાત-ખાતિરદારીની બિના પર થાતા હોય છે. અલ્લાહતઆલાએ ફરઝની નમાઝ ના પાઁચ વકત, ફરઝ ના રોઝા વાસ્તે એક મહીનો, માલની ઝકાત આપવા વાસ્તે શહરે રમઝાન, હજ્જે બૈતુલ્લાહ વાસ્તે શવ્વાલ, ઝિલ્કાદ અને ઝિલહજ્જ, કાફેરીન સાથે જેહાદો જંગ વાસ્તે રજબ, ઝિલ્કાદ, ઝિલહજ્જ અને મોહર્રમ સિવાય વરસના આઠ મહીના, અને હદસ થાય તો ગુસ્લ યા વુઝુ કરીને પાક થાવાનો શરઈ અહકામ બજા લાવવા મુકર્રર કીધા છે. ફરઝ પછી સુન્નતોની નમાઝને મુકર્રર કીધી છે; રમઝાન સિવાય શાઅબાન તેમજ હર મહીનામાં ત્રણ દિવસ સુન્નતના રોઝા મુકર્રર કીધા છે; અને વુઝુમાં ફરઝના અરકાનની પાકી સાથે સુન્નતના અરકાન કરવાની રગબત બતાવી છે. આ જ મુજબ તતવ્વાઅ અને નાફેલત ની નમાઝ અને રોઝાઓની અહલે બૈત (અ.સ.) ના મઝહબમાં મખ્સૂસ ઝિક્ર આવેલી છે. જે અકીદાના રૂએ આઅમાલ થાય છે અને જેમાં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) અને આપની આલે અત્હર તરફથી રગબત અને તાકીદ આવેલી છે તે ઈમામ હુસૈન (અ.સ.) ના મસાઈબ અને આલામ તેમજ ભુખ અને પ્યાસ ને યાદ કરીને રંજો ગમ ઈઝહાર કરી માતમ અને આહોઝારી કરવું છે. મિલ્લતે ઈસ્લામના હર એક ફિરકામાં સૈયદુશ્શોહદા ઈમામ હુસૈન (અ.સ.) પર ગમ અને માતમને ઈઝહાર કરવાની કૈફીયતના તરીકા મુખ્તલિફ અને જુદાગાના છે.

**મિલ્લતે ઈસ્લામના હર એક ફિરકામાં સૈયદુશ્શોહદા ઈમામ હુસૈન (અ.સ.) પર ગમ અને માતમને ઈઝહાર કરવાની કૈફીયતના તરીકા મુખ્તલિફ અને જુદાગાના છે.**

રસૂલુલ્લાહ(સ.અ.વ.વ.) થી રિવાયતે ખાસ્સા છે કે, ***"જે કોઇ મારા નવાસા હુસૈન પર રોશે, રોડાવશે અને રોવા જેવો ચેહરો કરશે તેના વાસ્તે જન્નત વાજિબ થાશે."*** મોહર્રમની પહેલી તારીખથી આશુરાના દિન તક ઈમામ આલી મકામની ભૂખ-પ્યાસને યાદ કરીને જે કોઈ રોઝા રાખશે તેનો જે ગિરાઁકદર અને બેઈન્તેહા સ વાબ છે, તેની ઝિક્ર મોહર્રમના બયાનાતમાં મુમેનીન સાંભલે છે. પ્યાસા ઈમામે મઝલૂમના નામ પર જે કોઈ પાની પીવડાવે અને જમન જમાડે એને અલ્લાહતઆલા દુનિયા અને આખેરતમાં અજરે અઝીમ ઈનાયત કરશે, એની ઝિક્ર પણ મુમેનીન મુસલસિલ સાંભલે જ છે. સૈયદુશ્શોહદા (અ.સ.) ની મુસીબતો અને આલામની ઝિક્રમાં જે કોઈ અશ્આર પઢે, યા મરસીયાગોઇ કરે, યા મજલિસમાં હાઝરી આપે, યા વાઅઝે ખાસમાં શરીક થઈ ફઝાઈલે હુસૈનીયાહ સમાઅત કરે અને માતમ, સીનાઝની, સરકૂબી કરીને આઁખોમાંથી અશ્કબારી કરે તેનો સવાબ પણ જન્નતુન નઈમ છે, એ અપને મુસ્તનદ રિવાયતોથી જાણીએ છીએ.

ઝૈરે બહેસ જે નુકતું છે એની હકીકત એટલી કડવી અને તલ્ખ છે કે જો અગર ફહેમવાલા અને સાદી સમઝવાલા મુમેનીન ગૌરો ફિકર કરે તો શાયદ આ વાત દિલમાં પૈવસ્ત થઈ જાય, ફરઝી ફિતનો, શર અને બિદઅતથી બચી જાય અને સાહબે દાઅવતની હિદાયતની એક અઝીમ ખિદમત અદા થાય. મોહર્રમની અઝાદારી ના સિલસિલામાં ઉપર બયાન કીધેલા નુકતાઓ જો અગર મુમેનીન પોતાના ખાતિર અને ઝહેનમાં લે, તો ફરઝ, સુન્નત અને નાફેલતના આઅમાલની અદાએગી બાદ જે નેક અમલોથી જન્નત હાસિલ થાય છે, તેમાં અપના ઈસ્માઈલી-મુસ્તાઅલવી-તૈયેબી અકીદામાં માતમે મૌલાના ઈમામ હુસૈન (અ.સ.) ની કૈફીયતની બયાની તફસીલવાર અને કાફી-શાફી છે. એમાં ઝિયાદહ ગેહરાઈમાં જઈ નફસો જાનને અઝીયત, સદમો અને હલાકીમાં નાખવાની મુત્લક ઝરૂરત નથી. અલ્લાહતઆલાએ કુરઆને કરીમમાં ફરમાવું છે કે, "**લા તુલ્કુ બે અયદીકુમ એલત્તહલોકતે,**" તમે તમારા હાથે જ હલાકતમાં ન પડો. યાઅની કે જે શરઈ તકલ્લુફ હમેં તમારા ઉપર આઈદ અને લાઝિમ કીધો છે તેના ઈહાતામાં જ રહો. હદથી તજાવુઝ કરવાની હરગિઝ ઝરૂરત નથી. મસલન અલ્લાહતઆલાએ કુરઆને કરીમમાં પાઁચ વકતની નમાઝો અને એક મહીનાના રોઝા ફરઝ કીધા છે, તો જો કોઈ આ મુકર્રરશુદા હદ અને ગિન્તીને તજાવુઝ કરે અને પાઁચ ફરઝો ને બદલે સાત ફરઝો અને એક મહીનાના રોઝાના બદલે તેથી વધારે રોઝા રાખે તો તે ઝિયાદહ પરહૈઝગાર શુમાર નથી થાતો મગર તેએ તો અલ્લાહના ફરમાનની ખિલાફવરઝી કીધી અને શરીઅતના અહકામ બજા લાવવામાં પોતાની હવાનફસી અને મનમાની પર ચાલો. જેને અપના અકીદામાં "**તઅમ્મુક**" કહે છે અને જે અમલ હદથી ઝિયાદહ ગૈરમુનાસિબાના તૌર પર કોઈ કરે તો તે ચીઝ નાજાઈઝ છે અને સવાબની હામિલ નથી.

અલ્લાહતઆલા ફરમાવે છે કે, "**લા યોકલ્લેફુલ્લાહો નફસન ઇલ્લા વુસઅહા,**" અલ્લાહ કોઈ નફસને તેની બરદાશ્તગીની હદથી ઝિયાદહ તકલીફ નથી આપતો. તેથી અગર કોઈ પણ શરઈ યા ગૈરશરઈ અમલ રિયાકારી અને મહેઝ દેખા-દેખી અને ચરસા-ચરસી માં કરવામાં આવે તો તેમાં અજરો સવાબ બાકી રહેતો નથી. આગલ બયાન થયા મુજબ ઈમામ હુસૈન (અ.સ.) ના માતમને એ ઈન્તેહા અને ગેહરાઈ આપવામાં આવે જે અપના ઈસ્માઈલી-તૈયેબી અકીદાના દાએરામાં ન આવતું હોય, તો તે અપના અહલે બૈત (અ.સ.) ના મઝહબની અદબ અને તહઝીબ થી ખિલાફ છે. દાઅવતની અખ્બાર ની કિતાબોમાં અને "**અલ-મજાલિસુલ આશુરીયા**" નામના ઘણા મજમુઆમાં ઈમામ હુસૈન (અ.સ.) ના માતમના સિલસિલામાં જિસ્મ માંથી ખૂન જારી કરવાની અને દીગર જિસ્માની અઝીયત અને તકલીફ પહોંચાવવાની કોઈ ઝિક્ર નકલ કરવામાં આવી નથી અને માતમે હુસૈન દૌરાન પણ કોઈ ખાસ રંગનો જ લિબાસ પહેરવાની કોઈ રગબત આવી નથી. જે અકલમંદો છે તે, અગર બૈરો ના મરદ ગુઝરી જાય છે અને તે ચાર મહીના દસ દિવસની સોગવારીની મુદ્દત અદા કરે છે અને તે દૌરાન સફેદ લિબાસ પહેરે છે, એ પરથી અંદાઝો લગાવી શકે છે કે સોગના લિબાસની અપની રસ્મો તરીકત અલગ જ તરહની છે.

**ઈમામ હુસૈન (અ.સ.) ના માતમના સિલસિલામાં જિસ્મ માંથી ખૂન જારી કરવાની અને દીગર જિસ્માની અઝીયત અને તકલીફ પહોંચાવવાની કોઈ ઝિક્ર નકલ કરવામાં આવી નથી.**

ચંદ એહમક અને કુંદઝહેન લોગો કહે છે કે, ઈમામ હુસૈન (અ.સ.) નું નામ લેવું, હર જગામાં, હર વકતમાં, હર માહૌલ અને સમાજમાં રવાઁ અને બજા છે. આ હકીકત નો કોઈ મુન્કિર ન હોય, કેમ કે હાલમાં પણ હર જુમેરાતે અને હર મહીનાની દસમી અને એકવીસમી તારીખે શોહદાએ કરબલાની ઝિક્રમાં અપની મસ્જિદો માં સલામો મરસીયા પઢાય જ છે, ઘરોમાં ઝાકેરાત બૈરાઓ બેહરમને દિન ઝિક્રે મસાઈબે ઈમામ હુસૈન (અ.સ.) કરી નૌહાખ્વાની અને માતમ કરે જ છે, હર પહેલી રાતે બાવીસાની દુઆમાં ખમ્સતુલ અત્હાર (અ.સ.) ના વસીલા લેવાય જ છે અને ઈમામ હુસૈન (અ.સ.) નો ગમ આપના હર શીઆના દિલો ઝમીર માં ઝિન્દાહ અને તાઝા છે જ. તો ફકત એમ દલીલ કે હુજ્જત કરવી કે, હમેં તો ઈમામે મઝલૂમ નું નામ જે જગા પર લેવાય છે તેની અઝમત અને હુરમતને વાસ્તે જ બયાન કે ઝિક્ર સાંભલવા જઈએ તો એમાં એતેરાઝ અને રોક-ટોક કેમ ? આના જવાબમાં પહેલે તો એ સમઝવું પડશે કે અપનું દીન અને અહલેબૈત (અ.સ.) નો મઝહબ હુકુમ અને રઝા તેમજ તસ્લીમો વફાનો છે. અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, "**મા આતાકુમુર્રસૂલ ફ ખોઝૂહો વમા નહાકુમ અન્હો ફન્તહુ**", જેનો રસૂલ તમને હુકુમ કરે યા આપે તે લઈ લો યા કુબૂલ કરો અને જેથી રોકે તો રૂકી જાવ. **દાઇયુઝ્ઝમાન (ત.ઉ.શ.) સાહબે અમ્ર છે અને નાઇબે ઇમામુઝ્ઝમાન (અ.સ.) છે. આપ બલાગે મુબીન અને બશીરો નઝીરના સાહબ છે. આપનું ફરમાન એ હક્કનું ફરમાન જ હોય છે.** એમાં હુજ્જત અને દલીલની કોઈ ગુંજાઈશ હોતી નથી અને દીનના મુઆમેલામાં ઈલ્મ બગૈર મુજાદેલો અને બેબુનિયાદ બહેસ કરવું મના છે, નાદાની છે. દીને ઈસ્લામના તમામ ફિરકાઓનો ઈમામ હુસૈન (અ.સ.) ના માતમ કરવાનો અંદાઝ અને તરીકો અલગ છે. જેનો જેવો અકીદો તેવો તેનો અમલ. હમેં કોઈ મખ્સૂસ ફિરકાના માતમે ઈમામ હુસૈન (અ.સ.) ના તરીકાને તન્કીદની નિગાહથી નથી જોતા. પણ બીજાના આઅમાલની નકલ કરીને પોતાના અકીદાના દાએરામાં શામિલ કરી તેને સાચુ માની લેવું એક બેવકૂફી અને હિમાકત છે.

જે અમલ શરીઅતે ગર્રાઅ, સુન્નતે નબવી, વતીરએ અઈમ્મતે અત્હાર અને તરીકતે દોઆતે કિરામ (અ.મ.) ને મુતાબિક અને મુનાસેબતમાં ન હોય તો તે બિદઅત છે. હર બિદઅત એક ઝલાલત-ગુમ્રાહી છે અને હર ગુમ્રાહીનું ઠેકાણું જહન્નમ છે. આલિમ પર એ વાજિબ છે કે, જે વક્ત ઉમ્મત-જમાઅતના લોગોમાં બિદઅત ઝાહિર થાય તો તેના ઈલ્મને ઝાહિર કરે, અને જો એમ નહીં કરે તો તે પર અલ્લાહની લાઅનત છે. આ કૌલે નબવી છે. અકવાલે નબવીનું માખઝ (source) અને સરચશ્મો ઐન અલ્લાહના કલામથી વાબિસ્તા હોય છે જેમાં કોઈ શક-શુબોહાતની ગુંજાઈશ હોતી નથી. તેથી એનું પાલન કરવું લાઝમી છે.

**જે અમલ શરીઅતે ગર્રાઅ, સુન્નતે નબવી, વતીરએ અઈમ્મતે અત્હાર અને તરીકતે દોઆતે કિરામ (અ.મ.) ને મુતાબિક અને મુનાસેબતમાં ન હોય તો તે બિદઅત છે. હર બિદઅત એક ઝલાલત-ગુમ્રાહી છે અને હર ગુમ્રાહીનું ઠેકાણું જહન્નમ છે.**

આલમે ઈસ્લામનાં તમામ શીઆ ફિરકાઓ મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ની વલાયત અને અકીદતનાં જૌહરો ગૌહરથી આરાસ્તા હોય છે અને આપના નામની તસ્બીહ અને વિર્દ કરતા હોય છે, બારહા "નાદે અલીયન યા મઝહરલ અજાઈબ" પુકારતા હોય છે. અહલે બવાહિર જે મુસ્તઅલવી-તૈયેબી અકીદાઓ પર ગામઝન છે તે તમામ, સાહબે વલાયત અને શાહે મવદદત અલીયુલ મુરતઝા (અ.સ.) ની ૧૫ રજબના દિને વિલાદત બા સઆદત અને ૧૮ ઝિલહજ્જ ના યૌમે કાઈમ મકામી અને

વસાયતની તાજપોશીના અઝીમુશ્શાન મૌકાને અજબ જાહો જલાલ અને જઝબએ ઈશ્કો મોહબ્બતથી મનાવે છે. **અને આ બેવે મૌકા પર જે ઇબાદત, વસીલા અને દોઆઓની રસમ જારી છે તે બીજા અહલે શીઆમાં નથી.** અપના યાઅની કે અહલે બવાહિરની નહેજ-રસમ મુજબ ઈદે ગદીરે ખુમ્મના દિન રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ૭૦ હઝાર હજ્જાજની હાઝરીમાં, તમામે તમામને શાહિદ રાખીને મૌલાના અલી (અ.સ.) ને આપના વઝીર અને વસી મુકર્રર કીધા જેનો કોઈ મુન્કિર નથી. તે બાદ બાઝે ઈન્કાર કીધો અને બાઝ વફાદાર રહ્યા. આ મીસાક “અઝહર મિનશ શમ્સ” છે, સૂરજ કરતા પણ ઝિયાદહ રોશન છે. આ મીસાકની રસમ અને ઈબાદતના તરીકાનો હવાલો આપીને કોઈ અહલે શીઆ તેના રાહનુમા અને મુરશિદને એમ કહે કે, અહલે બવાહિરમાં જે રસમો છે તે અમીરૂલ મુમેનીન અલી (અ.સ.) ની પૈદાઈશ અને આપની તાજપોશીના સિલસિલામાં છે જેને અપને પણ માનીએ છીએ અને એમ જ કરવાની તેના રાહનુમાને સલાહ મશ્વરો આપે અને અગર એના આલિમ ઈન્કાર કરે, તો એના અકીદાને બર ખિલાફ જઈ, મહઝ એ વાત પર એ શીઆ અહલે બવાહિરની તકલીદ અને નકલ કરે, કે આખિર આ તો મૌલા અલી (અ.સ.) ની અઝમત અને ફઝીલત ને ખાતિર જ છે ને. તો શું તેના આલિમ આ મુજબ તેના માનનાર શિઆના અમલને જાઈઝ ઠેહરાવશે ? હરગિઝ નહીં. બલ્કે એ તો એમ જ કહેશે કે, ભલે ને અપને મૌલા અલી (અ.સ.) ને માનનારા છે પણ અહલે બવાહિરના અકીદા મુજબના આઅમાલ સાથે અપનો દૂરનો પણ રિશ્તો અને સરોકાર નથી. અને હિદાયત આપશે કે અપના શીઆ ઓલમાએ આ મુજબના આઅમાલની રગબત આપી નથી ! શું તેઓ અપના મીસાકની દોઆમાં શરીક થાશે ? હરગિઝ નહીં !

આ જ શાકેલત પર હમારો મૌકિફ અને નુકતએ બહેસ એ છે કે, ઈમામ હુસૈન (અ.સ.) ના માતમ અને આહોઝારીની કૈફીયત જે બીજા શીઆ ફિરકામાં છે તે અપના ઈસ્માઈલ-મુસ્તઅલવી-તૈયેબી અકીદામાં નથી. આ સિલસિલામાં એમ કહેવું કે અમે તો ફક્ત ઈમામ હુસૈન (અ.સ.) ના નામ અને અઝમત ખાતિર આ મુજબ મજલિસ અને માતમમાં જઈએ છીએ, તો પછી દીગર આકેલાના સવાલ એ પૈદા થાય છે કે, આ પહેલા સૈયદના ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) અને સૈયદના બદરૂદ્દીન સાહબ (ક.રૂ.) અને ૩૦-૪૦ વરસ પહેલાના અરસામાં લોગો આ મુજબ અમલ કરતા હતા ? હરગિઝ નહીં. તો શું આજે આ અમલ જાઈઝ ઠેહરાવી શકાય ? અને ઘરેઘર અલમ-તાબૂત અને નકશએ કરબલાએ મોઅલ્લાની તબર્રૂકાત નસબ કરી શકાય ? અને અલ્લાહતઆલાને ભૂલીને તે જગા પર ઉમ્મીદ માંગી શકાય ?

**મુમેનીનને એ અમર સમઝી લેવાની ઝરૂરત છે કે, શરીઅતે ઈસ્લામનાં અરકાનની અદાએગીમાં અને દીગર આઅમાલમાં હદથી ઓછી મિકદાર જે મુજબ નાજાઈઝ છે; તે જ મુજબ હદથી ઝિયાદહ મિકદાર પણ જાઈઝ નથી.**

શું આગલા ઝમાનનાં લોગોમાં નઉઝોબિલ્લાહ અઝમતે માતમે ઈમામ હુસૈન (અ.સ.) ની માઅરેફત કમ હતી ! કે આજે અલ્લાહતઆલાએ હિદાયત બખ્શી છે કે, ૧૩૬૫ વરસ બાદ આ ઝમાનનાં જ લોગો માતમે હુસૈનીની શાનો દબદબાને સમઝતા થયા અને હવેના વરસોમાં જ સહીહ તૌર પર માતમ થાય છે ? મુમેનીનને એ અમર સમઝી લેવાની ઝરૂરત છે કે, શરીઅતે ઈસ્લામનાં અરકાનની અદાએગીમાં અને દીગર આઅમાલમાં હદથી ઓછી મિકદાર જે મુજબ નાજાઈઝ છે; તે જ મુજબ હદથી ઝિયાદહ મિકદાર પણ જાઈઝ નથી. હદથી ઓછું કરનારને “કાલી” કહે છે અને હદથી જે તજાવુઝ કરે તેને “ગાલી” કહે છે. સાહબે દાઅવત એમ કોઈ વક્ત અદા નથી કરતા કે મુમેનીનને મિલ્લતે ઈસ્લામના ફિરકાઓ ના અફરાદ સાથે તઅલ્લુક રાખવો જોઈએ નહીં. તમામ સાથે રવાઁદારી અને હુસ્ને સુલૂક ઈમાનનો હિસ્સો છે. અખ્લાકી તકાઝાને પૂરા કરવા વાસ્તે સમાજી અને તિજારતી રિશ્તા-નાતા અને વહેવાર એક અલગ ચીઝ છે અને અકીદામાં દખલઅંદાઝી કરવી અને બીજાના અકીદાને સોચા-સમઝા બગૈર માની લઈ તેને મુજબ કરવું તે અલગ ચીઝ છે. એક મિસાલ મન્કૂલ છે કે, **“दूसरों का अकीदा छेड मत और अपना अकीदा छोड मत”.**

મોહર્રમુલ હરામની સાતમી અને નવમી રાતે જે ઝૌકો શૌકથી જવાનો માતમ કરે છે એમાં કોઈ શિકાયત નથી મગર તેમાં ઈસ્લાહ અને તન્ઝીમ ઝરૂરી છે. **તેથી મુમેનીનને સમઝી લેવું જોઇએ કે, ફરમાને દાઅવત અને હિદાયાત જે મરકઝ પરથી સાદિર થાય છે તે કોઇ મખ્સૂસ ફિરકા વાસ્તે ખુસૂમત યા અદાવતની બિના પર નથી પણ અપની અલવી જમાઅતના મુમેનીનને પોતાની અદબો તહઝીબના શીરાઝામાં રહીને માતમે ઇમામ હુસૈન (અ.સ.) કરવાની તાકીદ છે.** મુમેનીનને પોતાના અલવી અને તૈયબી હોવાના દાઅવાને સાચા અને સાફ ઝમીરથી ટટોલવાનો અને અક્લની કસૌટી પર ચઢાવી આઝમાવવાનો છે. અપને દાઅવા તો ઘણા કરીએ છીએ પણ તે મુજબ કરવાનું આવે અને સાહબે દાઅવત કહે તો કરાહીયતની નઝરથી જોઈએ છીએ અને તેને બજા લાવવા પર કોતાહી કરીએ છીએ. હક્ક અને સચ્ચાઈને અપનાવવી એટલી આસાન નથી મગર નેક દિલ અને સાફ નીયતવાલો મુમિન જ તે કરી શકે છે. મુમેનીન બીજા લોગોના તરીકાને, રસ્મો રિવાજને, વિચારોને તેની હકીકતમાં તેહ તક ગયા બગૈર આઁખો મીંચીને ખૂબ જલ્દી અપનાવી લે છે. **અપના અકીદા, તરીકા અને રસ્મો પર ગૈરત, નાઝ અને પુખ્તગીની કમી છે.** શું કોઈ બીજી જમાઅતના શખ્સ અપની મસ્જિદમાં આવે છે, અપની મજલિસમાં બેસે છે, અપના અકીદાને અપનાવે છે, અપના રસ્મો મુજબ ચાલે છે, અપની તહઝીબને માને છે, અપની કોઈ ઝિયારતોમાં આવે છે ? અને શું અપના લોગો એટલા હલકા યા કાચા અકીદાના કે ફક્ત દેખાવ અને તમાશાની બિના પર ટોલે ટોલા, જૌક દર જૌક કઈ સોચા-સમઝા બગૈર કોઈ ગૈરની મજલિસમાં અને ઈહાતામાં બેમકનઓ ચાદર નારવાઁ લિબાસમાં ગૈર લોગોના દરમિયાન ઉભા રહે, તેમાં શરીક થાય ! મુમેનીનને એ સોચવું પડશે કે કઈ ચીઝ થાય અને કઈ ન થાય ! કઈ મજલિસમાં બેસાય અને કઈ જગા ન જવાય ! અકીદા મુજબ શું જાઈઝ છે અને શું નજાઈઝ છે ! મુમેનીનને પોતાની જમાઅતના તમામ તરીકાઓ પર યકીને કામિલ અને એઅતેમાદે કુલ્લી હોવું ઝરૂરી છે. જે શખ્સ પોતાના જ ઘર (જમાઅત) ના તરીકાઓથી બેખબર હોય અને જો તે બીજાના તરીકાને અપનાવે તો તેના જેવો કમઅક્લ અને બુધ્ધુ બીજો કોઈ નથી.

**જે શખ્સ પોતાના જ ઘર (જમાઅત) ના તરીકાઓથી બેખબર હોય અને જો તે બીજાના તરીકાને અપનાવે**
**તો તેના જેવો કમઅક્લ અને બુધ્ધુ બીજો કોઈ નથી.**

આખિરમાં મુમેનીન એ જાણી લે કે હર મિલ્લત, કૌમ અને જમાઅતની પોતાની એક પહેચાન, તહઝીબ અને તરઝે અમલ હોય છે. તેથી મુમેનીનને અપની પહેચાન અને હમીયત સાચવવા વાસ્તે પોતાના મઝહબ અને મુઆશેરા મુજબ જે કઈ કરે છે તે પર યકીન મઝબૂત કરવું પડશે અને તે જ રાહ પર કદમને સાબિત રાખવા પડશે. અપને સાથે અપનું દીન અને બીજા સાથે બીજાનું. અપને કહીશું યા કરીશું, તો ગૈર શખ્સ તે માનવાનો નથી, તો પછી ગૈર શખ્સ અપને કઈ કહે યા કરવાનું કહે તો શું અપને તેનું માનવું જોઈએ ખરૂં ? ★